અધિકારીઓની નિષ્ક્રિયતા સામે ઉગ્ર રોષ : તલાટીઓની 'ખો-ખો'ની રમત વચ્ચે જનતા પીસાઈ !

ઠાસરા તાલુકામાં પેઢીનામા માટે અરજદારો 'ગરબા' રમવા મજબૂર

જમીનના પ્રશ્નો માટે મામલતદારથી લઈને ગ્રામ પંચાયત સુધી ધરમધક્કા

(પ્રતિનિધિ) ડાકોર તા.૩૦

ઠાસરા તાલુકામાં સરકારી વહીવટી તંત્રની ઘોર નિષ્ક્રિયતા સામે આવી છે, જ્યાં વિવિધ સરકારી કામો માટે આવતા અરજદારો ભારે હાલાકીનો ભોગ બની રહ્યા છે. હાલમાં સરકારના નિયમ મુજબ પેઢીનામા અને જમીનને લગતી તમામ કામગીરી મહેસૂલ અને રેવન્યુ તલાટીઓને સોંપવામાં આવી છે, પરંતુ તેમની કામગીરીમાં ભારે નિષ્ક્રિયતા જોવા મળી રહી છે. વહીવટી તંત્ર જાણે 'ખો-ખો'ની રમત રમી રહ્યું હોય તેમ ગ્રામ પંચાયતના તલાટીઓ અને મહેસૂલ તલાટીઓ અરજદારોને એકબીજા પર ધકેલી રહ્યા છે, જેના કારણે ગરીબ અરજદારો ગરબા રમવા મજબૂર બન્યા છે અને છેલ્લે તેમને પરિણામ શૂન્ય રહ્યું છે.

ઠાસરા પંથકમાં તલાટીઓની આડોડાઈ અને બહાનાબાજીથી અરજદારો પરેશાન થયાં છે. પેઢીનામા માટે ગ્રામીણ તેમજ શહેરી વિસ્તારના અરજદારો સતત રજૂઆતો કરી રહ્યા છે, પરંતુ યોગ્ય નિકાલ ન આવવાના કારણે તેઓ રોજના ધરમધક્કા ખાવા મજબૂર બન્યા છે. રેવન્યુ તલાટીઓની હડતાલના કારણે પણ આ મામલો વધુ પેચીદો બન્યો છે. રેવન્યુ તલાટીઓ આ કામગીરી કરવા તૈયાર નથી અને નાટકો કરી રહ્યા છે, જ્યારે બીજી તરફ ગ્રામ પંચાયતના તલાટીઓ અને તાલુકા પંચાયત પણ આ કામગીરી નહીં કરી શકે તેવી વાર્તાઓ બનાવી રહ્યા છે. આ વહીવટી અણઘડતા વચ્ચે સવાલ એ ઊભો થાય છે કે ભોગ બનતા નિર્દોષ અરજદારો આખરે જાય તો જાય ક્યાં ?

આ અંગે અરજદારો તાલુકા પંચાયત, ગામની પંચાયત, મામલતદાર કચેરી તેમજ પ્રાંત ઓફિસ સુધી ધક્કા ખાઈને પોતાના ઘરે પરત ફરે છે અને બીજા દિવસે ફરી ધક્કા ખાય છે, પરંતુ તંત્રના પેટનું પાણી પણ હલતું નથી. ક્યાંક તાલુકા પંચાયતમાં અથવા ગ્રામ પંચાયતમાંથી જ પેઢીનામું લેવા માટે કહીને અરજદારોને હેરાન-પરેશાન કરવામાં આવે છે. નવાઈની વાત એ છે કે, મામલતદાર અને પ્રાંત જેવા ઉચ્ચ અધિકારીઓ પણ આ મામલે મૌન અને નિષ્ક્રિય થઈને બેસી રહ્યા હોય તેવી સ્થિતિ હાલ ઠાસરા તાલુકામાં દેખાઈ રહી છે.

યોગ્ય તપાસ કરી સંપૂર્ણ ચાર્જ સોંપવાની માંગ

ધર્મના ધક્કા ખાઈને થાકી ગયેલા અરજદારો હવે નિરાશ થઈને બેઠા છે કે આખરે આ કામગીરીનો ક્યારે નિકાલ આવશે અને તેમને ન્યાય મળશે કે નહીં ? ઠાસરા તાલુકાના લોકોની માંગણી છે કે, એકબીજાને ખો આપતા આ વહીવટી તંત્ર સામે યોગ્ય તપાસ થાય અને જે પણ વ્યક્તિની આ કામગીરી છે તેને સંપૂર્ણ ચાર્જ સોંપીને અરજદારોની તકલીફોનો તાકીદે યોગ્ય ન્યાય આપવામાં આવે. વહીવટી તંત્ર વહેલી તકે જાગે અને યોગ્ય નિર્ણય લે તેવી ઠાસરા પંથકના અરજદારોની ઉગ્ર લાગણી અને માંગણી છે.

ચોરીના ઇરાદે નિકળેલા શખસો કાર અને હથિયારો સાથે ઝડપાયા

બોરસદ : કુખ્યાત 'ચીખલીગર ગેન્ગ'ના ચાર તસ્કરો પકડાયાં

મહાવીરનગરમાં પખવાડિયા અગાઉ થયેલી ૩ ઘરફોડ ચોરીઓનો ભેદ ઉકેલાયો

(પ્રતિનિધિ) બોરસદ તા.૩૦

આણંદ જિલ્લામાં વધી રહેલી ચોરી અને ઘરફોડની ઘટનાઓને અંકુશમાં લેવા માટે પોલીસે બનાવેલા ખાસ એક્શન પ્લાનને મોટી સફળતા મળી છે. બોરસદ ટાઉન પોલીસે બાતમીના આધારે ફિલ્મી ઢબે વોચ ગોઠવીને ચોરી કરવાના ઇરાદે રેકી કરવા નીકળેલી કુખ્યાત 'ચીખલીગર ગેન્ગ'ના ચાર રીઢા સાગરીતોને ચોરીના સાધનો તથા ફોર વ્હીલર કાર સાથે ઝડપી પાડ્યા છે. આ ગેન્ગની ધરપકડથી અંદાજે ૧૫ દિવસ પહેલાં બોરસદના મહાવીરનગર વિસ્તારમાં બનેલી ત્રણ ઘરફોડ ચોરીઓનો ભેદ ઉકેલાઈ ગયો છે. પોલીસે આરોપીઓ પાસેથી મારુતિ કાર, ચાંદીના દાગીના, રોકડ અને ચોરી કરવાના સાધનો જપ્ત કર્યો છે.

આણંદ જિલ્લા પોલીસ અધીક્ષક જી.જી. જસાણી દ્વારા ઘોરફોડ અંગે વિશેષ એક્શન પ્લાન બનાવવામાં આવ્યો હતો. જે અંતર્ગત બોરસદ ટાઉન પોલીસ ઇન્સ્પેક્ટર પી.બી. જાદવ અને સર્વેલન્સ સ્ટાફના માણસો કાર્યરત હતા. બોરસદ ટાઉન પોલીસના એ.હે.કો. સમીરઉલ્લા મજીદમીયા અને રોનકકુમાર વિનોદભાઈને પેટ્રોલિંગ દરમિયાન સંયુક્ત બાતમી મળી હતી કે વડોદરાના એકતાનગરની ચીખલીગર ગેન્ગના સભ્યો ચોરી કરવાના સાધનો સાથે વિસ્તારમાં રેકી કરવા માટે કાર લઈને આવી રહ્યા છે. આ બાતમીના આધારે પોલીસે અલગ-અલગ ટીમો બનાવી વોચ ગોઠવી હતી. તે દરમિયાન શંકાસ્પદ મારુતિ એસ્ટીમ કાર પસાર થતાં પોલીસે તેને ઘેરીને આંતરી લીધી હતી અને કારમાં સવાર ચાર રીઢા ગુનેગારોને ઝડપી લીધા હતા. તેમની પ્રાથમિક પૂછપરછ દરમિયાન જાણવા મળ્યું હતું કે તેઓ બંધ મકાનોની રેકી કરીને લોખંડના ડીસમીસ અને પાના વડે તાળા તોડી ઘરફોડ ચોરીને અંજામ આપતા હતા. આ ગેંગમાં અન્ય બે સાગરીત સુનીલ ઘુઘરૂસીંગ તીલપીતીયા (રહે. સુરત) અને સંદીપસીંગ ઠાકુરસીંગ બાવરી (રહે. ઇન્દોર, મધ્ય પ્રદેશ) હોવાનું પણ ખુલ્યું છે. જેની શોધખોળ શરૂ કરવામાં આવી છે. આ કાર્યવાહીમાં પોલીસે કુલ ૯૮,૩૭૦નો મુદ્દામાલ કબજે કર્યો છે.

પકડાયેલા રીઢા ગુનેગારો

- **બલબીરસીંગ** ઉર્ફે બલ્લી નેપાલસીંગ હરીસીંગ જુની (ચીખલીગર)
- **કરણસીંગ** ઉર્ફે કાના નાનકસીંગ લેણાસીંગ ટાંક (ચીખલીગર)
- **કીરપાલસીંગ** ઉર્ફે ચીરૂ ગુરમુખસીંગ નેપાલસીંગ જુની (ચીખલીગર)
- **જુગનસીંગ** ઉર્ફે જોગન ધારાસીંગ બકીલસીંગ બાવરી (ચીખલીગર)

આરોપીઓનો ભયાનક ગુનાહિત ઇતિહાસ

બલબીરસીંગ ઉર્ફે બલ્લી: ચકલાસી પોલીસ સ્ટેશન ઉપરાંત વડોદરાના હરણી પોલીસ સ્ટેશનમાં હત્યાનો પ્રયાસ અને રાયોટીંગ સહિતનો ગુનો નોંધાયેલ છે. સુરતના ચોકબજાર, તેમજ ગોત્રી અને ફતેગંજમાં ઘરફોડ ચોરીઓમાં સંડોવાયેલો છે. વર્ષ ૨૦૨૧ (વારસીયા પો.સ્ટે.) અને ૨૦૨૫ (બાપોદ પો.સ્ટે.) માં તેની પાસા હેઠળ અટકાયત પણ થઈ ચૂકી છે.

કરણસીંગ ઉર્ફે કાના: ગાંધીનગરના કલોલ સીટી અને કલોલ તાલુકા પોલીસ મથકમાં ચોરી અને ઘરફોડ ચોરીના અસંખ્ય ગુનાઓમાં સામેલ છે. પેથાપુર અને કડી પોલીસ સ્ટેશનમાં પણ ગુના નોંધાયેલા છે. વધુમાં, તેને કલોલ સીટીમાંથી તડીપાર પણ કરવામાં આવ્યો છે.

કીરપાલસીંગ ઉર્ફે ચીરૂ: હરણી અને બાપોદ પોલીસ સ્ટેશનમાં ગંભીર ગુના નોંધાયેલા છે. વર્ષ ૨૦૨૪ માં કારેલીબાગ પોલીસ સ્ટેશન દ્વારા તેની પાસા હેઠળ અટકાયત કરવામાં આવી હતી.

જુગનસીંગ ઉર્ફે જોગન: મહારાષ્ટ્ર રાજ્યમાં પણ તેની વિરૂદ્ધ એકથી વધુ ચોરી અને ગુનાહિત કેસો નોંધાયેલા છે.

શાહુકારો માટે ઓનલાઈન ઓડિટ અને રજીસ્ટ્રેશન કરાવવું ફરજિયાત

ઇ-કોઓપરેટીવ પોર્ટલ પર હિસાબો રજુ ન કરનાર શાહુકારો સામે કાયદેસરની કાર્યવાહીની ચીમકી

(પ્રતિનિધિ) નડિયાદ તા.૩૦

ગુજરાત નાણાં ધિરધાર અધિનિયમ-૨૦૧૧ અન્વયે ખેડા જિલ્લામાં નોંધાયેલા તમામ ૩૯૬ શાહુકારોને તેમના માસિક અને વાર્ષિક હિસાબો તથા પત્રકો ઓનલાઈન રજુ કરવા આદેશ આપવામાં આવ્યો છે. ઓનલાઇન હિસાબો રજુ ન કરીને નિયમોનું ઉલ્લંઘન કરનારા શાહુકારો સામે કડક વલણ અપનાવતા જિલ્લા રજીસ્ટ્રારે ૭ દિવસમાં લેખિત ખુલાસો રજૂ કરવા જણાવ્યું છે, અન્યથા કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.

નડિયાદ સ્થિત શાહુકારોના નિબંધક અને જીલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીના જણાવ્યાનુસાર, ગુજરાત નાણાં ધિરધાર અધિનિયમની કલમ-૨૧(૧) હેઠળ તમામ શાહુકારોએ ઓનલાઈન નોંધણી કરાવીને માસિક અને વાર્ષિક પત્રકો ઓનલાઈન રજુ કરવાના રહે છે. આમ છતાં, કેટલાક શાહુકારો દ્વારા ઇ-કોઓપરેટીવ પોર્ટલ પર આ વિગતો રજુ કરવામાં આવતી નથી, જે અધિનિયમની કલમ-૪૪ નું ગંભીર ઉલ્લંઘન ગણાશે.

અધિનિયમની જોગવાઈઓ મુજબ, જિલ્લામાં નોંધાયેલા શાહુકારોએ ધિરાણ પર વ્યાજના દર મર્યાદિત રાખવાના રહેશે, જેમાં તારણવાળા ધિરાણ માટે ૧૨% અને તારણ વિનાના ધિરાણ માટે ૧૫% વ્યાજની જોગવાઈ નક્કી કરવામાં આવી છે. આ ઉપરાંત, કલમ-૨૩(૧) મુજબ દરેક નાણાંકીય વર્ષ દરમિયાન હિસાબોનું ઓડિટ કરાવવું ફરજિયાત છે.

આમ, તમામ શાહુકારોને આ કડક સૂચનાઓનું તાકીદે પાલન કરવા જણાવવામાં આવ્યું છે. જો નિયત સમય મર્યાદામાં સૂચનાઓનું પાલન નહીં થાય તો સંબંધિત શાહુકારો વિરુદ્ધ ગુજરાત નાણા ધિરધાર અધિનિયમ-૨૦૧૧ ની જોગવાઈઓ હેઠળ કાયદેસરની કાર્યવાહી કરવાની ફરજ પડશે તેમ જિલ્લા રજીસ્ટ્રારની યાદીમાં સ્પષ્ટ જણાવવામાં આવ્યું છે.

સંતરામપુર : પોલીસે પીછો કરતાં નદીમાં કાર પલટી

(પ્રતિનિધિ) સંતરામપુર તા.૩૦

રાજસ્થાન સરહદને અડીને આવેલા સંતરામપુર તાલુકામાં પોલીસે બાતમીના આધારે વોચ ગોઠવીને વિદેશી દારૂ ભરેલી ગાડીનો પીછો કર્યો હતો. જોકે, પોલીસથી બચવા જતાં બુટલેગરે ગાડી પાદેડીઅડોર નજીક ચીબોટા નદીમાં પલટી ખવડાવી દીધી હતી અને ગાડી મૂકીને નાસી છૂટ્યો હતો. પોલીસે ગાડીમાંથી ૧૦૦૭ બોટલ ઈંગ્લિશ દારૂ અને બિયરનો જથ્થો જપ્ત કરી કાર્યવાહી હાથ ધરી છે.

સંતરામપુર તાલુકો રાજસ્થાન સરહદ નજીક હોવાથી બુટલેગરો અવારનવાર હોડીઓ અને વાહનો મારફતે દારૂની ગેરકાયદેસર હેરાફેરી કરે છે. મળેલી ચોક્કસ બાતમીના આધારે પોલીસે સંતરામપુરથી સંતરોડ રોડ પર વોચ ગોઠવી હતી. આ વોચ દરમિયાન શંકાસ્પદ ગાડી આવતાં તેને રોકવાનો ઈશારો કર્યો હતો. પરંતુ ચાલકે ગાડી પૂરઝડપે અને ગફલતભરી રીતે હંકારીને ભગાડી હતી. આથી, પોલીસે પીછો કરતાં બુટલેગરે પાદેડીઅડોર નજીક ચીબોટા નદીમાં ગાડી પલટી ખવડાવી દીધી હતી અને તે ત્યાંથી ફરાર થઈ ગયો હતો.

તપાસ દરમિયાન પોલીસે વાહનમાંથી વગર પાસ-પરમિટની અલગ-અલગ બ્રાન્ડની કુલ ૧૦૦૭ નંગ દારૂ અને બિયરની બોટલો કિંમત ૩,૧૪,૨૯૩નો જથ્થો શોધી કાઢ્યો હતો. આ અંગે પોલીસે ૫ લાખની કિંમતની ગાડી અને દારૂ મળીને કુલ ૮,૧૪,૨૯૩નો મુદ્દામાલ જપ્ત કર્યો છે. આ મામલે ફરાર ચાલક વિરુદ્ધ ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

આણંદ-ખેડા અને મહિસાગર જિલ્લાના સંસ્થા સમાચાર

નડિયાદ એસ.ટી. ડેપોમાં ભારત વિકાસ પરિષદ દ્વારા રક્ષાબંધન પર્વની હર્ષોલ્લાસભેર ઉજવણી

નડિયાદ | ભારત વિકાસ પરિષદ નડિયાદ શાખા દ્વારા એસ.ટી. બસ સ્ટેન્ડના ડ્રાઈવર અને કંડક્ટર ભાઈઓ માટે રક્ષાબંધન પર્વ નિમિત્તે

વિશેષ કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં ઉપસ્થિત બહેનોએ એસ.ટી. કર્મીઓને રક્ષા બાંધીને તેઓ હંમેશા સ્વસ્થ રહે અને જનતાને સલામત સવારી કરાવે તેવી મંગલ કામનાઓ પાઠવી હતી. આ અવસરે ડેપો મેનેજર કે. કે. પરમાર અને પ્રમુખ અમિત સોનીએ પ્રાસંગિક ઉદ્બોધન આપી એસ.ટી. સ્ટાફની કામગીરીને બિરદાવી હતી. મહિલા સંયોજિકા કૃતિબેન પટેલના સંચાલન હેઠળ આયોજિત આ કાર્યક્રમમાં સંસ્થાના હોદ્દેદારો સહિત સ્ટાફ મોટી સંખ્યામાં જોડાયો હતો.

નડિયાદના હઠીપુરા પ્રાથમિક શાળામાં હર્ષોલ્લાસપૂર્વક રક્ષાબંધનની ઉજવણી

નડિયાદ | હઠીપુરા પ્રાથમિક શાળામાં ભાઈ-બહેનના પવિત્ર તહેવાર રક્ષાબંધનની ખૂબ જ હર્ષોલ્લાસ સાથે ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે બાળકોને રક્ષાબંધન પર્વનું સામાજિક મહત્વ અને તેના ઐતિહાસિક પૃષ્ઠભૂમિની સવિસ્તાર માહિતી આપવામાં આવી હતી. આ શાળાના તમામ વિદ્યાર્થીઓએ પરસ્પર રાખડી બાંધી, એકબીજાનું મોઢું મીઠું કરાવીને સ્નેહપૂર્વક ભેટસોગાદોની આપ-લે કરી હતી. બહેનોએ ભાઈઓના સુખી, તંદુરસ્ત અને દીર્ઘાયુ જીવન માટે પરમાત્માને હૃદયપૂર્વક પ્રાર્થના કરી હતી.

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

ગતિવિધિ

આપના સમાજ, સંસ્થા, સોસાયટી કે જૂથના કાર્યક્રમોને 'ગુજરાતમિત્ર' આણંદ પ્રસિદ્ધ કરશે. આપની જાહેર ખબર પ્રેસનોટ, અવસાન નોંધ નીચેના સરનામે મોકલી આપો.

આણંદ : SF-223 એક્વેરીયસ કોમ્પ્લેક્ષ, કૃષ્ણ રોડ, ગોપાલ ચોકડી.
E-mail : gujmitraanand@gmail.com
મો. 99784 40509
નડિયાદ : પહેલો માળ, ભારત ભૂવન, તાલુકા પંચાયત સામે, નડિયાદ.
E-mail : gujmitranadiad@gmail.com

વિદ્યાનગર સ્થિત સરદાર પટેલ યુનિવર્સિટીના લો વિભાગમાં ઓરિએન્ટેશન કાર્યક્રમ યોજાયો

આણંદ | સરદાર પટેલ યુનિવર્સિટીના કાયદા વિભાગ દ્વારા નવા LLB અને LLM વિદ્યાર્થીઓ માટે ઓરિએન્ટેશન પ્રોગ્રામ યોજાયો હતો.

કુલપતિ પ્રો. ડો. નિરંજન પટેલે વિદ્યાર્થીઓને અભ્યાસ અને વ્યવસાયમાં નૈતિકતા જાળવી સમાજ માટે ઉપયોગી બનવા પ્રેરિત કર્યા હતા. મુખ્ય વક્તા ન્યાયાધીશ જી.ડી. પડિયાએ વકીલો માટે સોશિયલ મીડિયાના ઉપયોગના નિયમો અને મફત કાનૂની સહાય અંગે મહત્વનું માર્ગદર્શન આપ્યું હતું. અધ્યાપકો અને સ્ટાફની હાજરીમાં યોજાયેલા આ સફળ શૈક્ષણિક કાર્યક્રમમાં કુલ ૧૨૦ વિદ્યાર્થીઓ ઉત્સાહપૂર્વક જોડાયા હતા.

નડિયાદ બીએપીએસ સ્વામિનારાયણ મંદિરે RSS દ્વારા 'પ્રમુખ જન ગોષ્ઠિ' યોજાઈ

નડિયાદ | નડિયાદના બીએપીએસ સ્વામિનારાયણ મંદિરમાં રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ દ્વારા 'પ્રમુખ જન ગોષ્ઠિ' કાર્યક્રમનું ભવ્ય આયોજન

કરવામાં આવ્યું હતું. મંગલ દીપ પ્રાગટ્ય સાથે શરૂ થયેલા આ કાર્યક્રમમાં સંઘના વિભાગ સહ કાર્યવાહ દિલીપભાઈ પંચાલ અને જિલ્લા કાર્યવાહ ધર્મેન્દ્ર પ્રજાપતિ સહિતના અગ્રણીઓ વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. મુખ્ય વક્તા પ્રકાશભાઈ પટેલે 'પંચ પરિવર્તન' વિષય હેઠળ સામાજિક સમરસતા, પર્યાવરણ જાગૃતિ, પારિવારિક મૂલ્યો અને નાગરિક કર્તવ્યો અંગે પ્રેરણાદાયી માર્ગદર્શન આપ્યું હતું. આ કાર્યક્રમમાં નગરના વડીલો, યુવાનો અને બહેનોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

ચારુસેટ-ડેપસ્ટારના વિદ્યાર્થીઓએ રાષ્ટ્રીય હેકાથોનમાં રાષ્ટ્રીય સ્તરે ટોપ-૨૦માં સ્થાન મેળવ્યું

આણંદ | ચાંગા સ્થિત ચારુસેટ યુનિવર્સિટી સંલગ્ન ડેપસ્ટારના વિદ્યાર્થીઓએ બેન્ક ઓફ મહારાષ્ટ્ર દ્વારા આયોજિત રાષ્ટ્રીય કક્ષાની સાયબર સિક્યોરિટી હેકાથોનમાં ઉત્કૃષ્ટ પ્રદર્શન કર્યું છે. આ સ્પર્ધાના પ્રથમ રાઉન્ડમાં પ્રથમ ક્રમ મેળવીને પ્રથમેશ પંડિત, નીલ અગ્રવાલ, નેત્રા પટેલ અને વૃંદા મિસ્ત્રીની ટીમે દેશની સર્વશ્રેષ્ઠ ટોપ-૨૦ ટીમોમાં સ્થાન મેળવ્યું હતું. આ હોનહાર ટીમે પુણે ખાતે યોજાયેલા રાષ્ટ્રીય સ્તરના બીજા રાઉન્ડમાં ઓફલાઇન માધ્યમથી ભાગ લઈ ડેપસ્ટાર અને ચારુસેટ સંસ્થાનું ગૌરવ વધાર્યું છે. ડો.અમિત નાયક અને નૈના પરમારના માર્ગદર્શન હેઠળ યોજાયેલી આ સ્પર્ધામાં સંસ્થાના અન્ય વિદ્યાર્થીઓએ પણ દ્વિતીય અને તૃતીય સ્થાન પ્રાપ્ત કર્યા છે.

વાસદની SVIT કોલેજમાં વિશેષ બાળકોની રાખડીઓનું સફળ પ્રદર્શન-વેચાણ યોજાયું

આણંદ | વાસદના એસવીઆઈટીના એનએસએસ યુનિટ દ્વારા રક્ષાબંધન નિમિત્તે ગુરુકૃપા રેસિડેન્શિયલ સ્પેશિયલ સ્કૂલના વિશેષ વિદ્યાર્થીઓ માટે "સ્નેહબંધન" કાર્યક્રમ યોજાયો હતો. આ આયોજન હેઠળ વિશેષ જરૂરિયાત ધરાવતા બાળકોમાં આત્મનિર્ભરતા અને સ્વરોજગારની ભાવના કેળવાય તે હેતુથી તેમના દ્વારા બનાવાયેલી રાખડીઓનું પ્રદર્શન અને વેચાણ કરવામાં આવ્યું હતું. કોલેજના વિદ્યાર્થીઓ, સ્ટાફ અને ગ્રામજનોના સક્રિય સહકારથી રાખડીઓનું સફળતાપૂર્વક વેચાણ થયું હતું. આ સરાહનીય સામાજિક કાર્ય બદલ એસવીઆઈટીના અધ્યક્ષ ભાવેશભાઈ પટેલ અને સમગ્ર મેનેજમેન્ટ દ્વારા એનએસએસ પ્રોગ્રામ ઓફિસર ડો. વિકાસ અગ્રવાલ તથા સમગ્ર ટીમને શુભેચ્છા પાઠવી હતી.

આણંદના બાકરોલના સ્પેક કેમ્પસ ખાતે 'કેશવાષ્ટમી' મહોત્સવની ભક્તિસભર ઉજવણી

આણંદ | તિરુપતિ ફાઉન્ડેશન ટ્રસ્ટ સંચાલિત સરદાર પટેલ એજ્યુકેશન કેમ્પસ, બાકરોલ ખાતે વિદ્યાર્થીઓમાં ભારતીય સંસ્કૃતિ, ધાર્મિક

પરંપરાઓ અને સદાચાર જેવા જીવનમૂલ્યોનો વિકાસ કરવાના હેતુથી 'કેશવાષ્ટમી' મહોત્સવની ઉજવણી કરવામાં આવી હતી. સરદાર પટેલ ઇન્સ્ટિટ્યૂટ ઓફ એપ્લાયડ સાયન્સ દ્વારા આયોજિત આ ઉત્સવમાં કેમ્પસની વિવિધ કોલેજોના વિદ્યાર્થીઓ તેમજ શૈક્ષણિક અને બિન-શૈક્ષણિક સ્ટાફે મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી ભગવાન શ્રીકૃષ્ણની આરાધના કરી હતી. આ આયોજન બદલ સંસ્થાના સેક્રેટરી શીતલ પટેલ, તમામ ટ્રસ્ટીઓ અને સ્પેક મેનેજમેન્ટ દ્વારા શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી.

કપડવંજ સિનિયર સિટીઝન મંડળ ખાતે રક્ષાબંધન પર્વની ભવ્ય ઉજવણી અને વ્યસન મુક્તિ સંકલ્પ

કપડવંજ | કપડવંજ દેસાઈ વાડા ખાતે સિનિયર સિટીઝન મંડળના વડીલોને બ્રહ્માકુમારી બહેનો તથા પોલીસ કોન્સ્ટેબલ બહેનો દ્વારા

તિલક કરી રક્ષાસૂત્ર બાંધી મોં મીઠું કરાવાયું હતું. બ્રહ્માકુમારી મ.લ.બહેને રક્ષાબંધનનો ઈતિહાસ અને આધ્યાત્મિક મહત્વ સમજાવી વડીલોને સકારાત્મક વિચારો રાખવા પ્રેરણા આપી હતી. આ પ્રસંગે વડીલોને રાજયોગ મેડિટેશન અને ઉમદા વિચારો થકી જીવનભર વ્યસન મુક્ત રહેવા માટેની પ્રતિજ્ઞા પણ લેવડાવવામાં આવી હતી. પોલીસ કોન્સ્ટેબલ બહેનોએ વડીલો અને પોલીસ સ્ટાફના ભાઈઓને રાખડી બાંધતા સમગ્ર વાતાવરણ અત્યંત ભાવભીનું અને શુભકામનાઓથી સભર બન્યું હતું.

કપડવંજમાં વરાસી નદી કિનારે સોમનાથ મહાદેવ મંદિરે શ્રાવણી પર્વની ભવ્ય ઉજવણી

કપડવંજ | કપડવંજ તાલુકાના દાદાના મુવાડા ગામે વરાસી નદીના કિનારે આવેલા સોમનાથ મહાદેવ મંદિરે ગાયત્રી પરિવાર દ્વારા શ્રાવણી પર્વ નિમિત્તે વૈદિક વિધિથી યજ્ઞોપવિત સંસ્કાર સંપન્ન કરવામાં આવ્યો હતો. આ પવિત્ર પ્રસંગે અંદરસિહ ઝાલા દ્વારા કરાવવામાં આવેલી સંસ્કાર વિધિમાં વિવિધ ગામોના સરપંચો સહિત આશરે ૮૦ થી વધુ પરિજનોએ ઉત્સાહભેર નવી જનોઈ ધારણ કરી હતી. શક્તિધામ છીપડીથી પધારેલા કોદરસિહ ઝાલાએ ઉપસ્થિત શ્રદ્ધાળુઓને ઉપાસના પ્રબળ કરવા, અંધશ્રદ્ધા દૂર રાખવા અને વ્યસનો બંધ કરવા માટે પ્રેરણાદાયી અનુરોધ કર્યો હતો.

અપ્રુજી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળામાં રક્ષાબંધન પર્વની ભવ્ય ઉજવણી

કઠલાલ | કઠલાલ તાલુકાના વાત્રકાંઠા વિસ્તારમાં આવેલી અપ્રુજી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળામાં રક્ષાબંધન પર્વની

ઉત્સાહપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી. આ પાવન પ્રસંગે શાળાના તમામ વિદ્યાર્થીઓ, વિદ્યાર્થીનીઓ તેમજ શિક્ષકગણ હાજર રહ્યા હતા. બહેનોએ ભાઈઓને કુમકુમ તિલક કરી, રાખડી બાંધીને મીઠાઈથી મોં મીઠું કરાવ્યું હતું, અને ભાઈઓએ બહેનોને પ્રેમપૂર્વક ભેટ આપી હતી. કલ્પનાબા રાકેશસિંહ સોલંકીના જણાવ્યા અનુસાર, આ મંગલમય ઉજવણીથી સમગ્ર શાળા પરિવારમાં અત્યંત આનંદ અને ખુશીનો માહોલ સર્જાયો હતો.

કપડવંજની જીવનશિલ્પ ઇન્ટરનેશનલ સ્કૂલમાં ઉત્સાહભેર "મિસમેચ ડે" યોજાયો

કપડવંજ | કપડવંજની જીવનશિલ્પ ઇન્ટરનેશનલ સ્કૂલમાં ધોરણ ૧ થી ૫ ના વિદ્યાર્થીઓ માટે 'મિસમેચ ડે'ની આનંદમય અને સર્જનાત્મક ઉજવણી કરવામાં આવી હતી. વિદ્યાર્થીઓએ પરંપરાગત વેશભૂષાથી

અલગ અવનવા રંગો, અનોખી ડિઝાઇન અને ડ્રેસિંગ સ્ટાઇલ સાથે પોતાની કલ્પનાશક્તિનું સુંદર પ્રદર્શન કર્યું હતું. બાળકોનો આત્મવિશ્વાસ વધારવા માટે યોજાયેલા ખાસ રેમ્પ વોક દરમિયાન વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લઈ પોતાની વેશભૂષા પ્રદર્શિત કરી હતી.શિક્ષકોના સુંદર માર્ગદર્શન હેઠળ યોજાયેલો આ અનોખો કાર્યક્રમ બાળકોમાં સર્જનાત્મકતા અને આનંદનો અદભુત સમન્વય રજૂ કરી યાદગાર બની રહ્યો હતો.